અબ્દુલ લતીફ શહીદ કોણ?

સુરતનો એક અઢાર વરસનો ઇસ્લામી જુવાન.

ફીદાઇપણાનો સાચો નમુનો.

અબ્દુલ લતીફ શહીદ જે તા૦ ૩-૫-૧૯૨૭ ના રોજ શીવાજી જયંતીના સરઘસ પ્રસંગે સુરતમાં મિનારાવાળી મસ્જીદની હુરમત સાચવતાં બંદુકની ગોળીનો ભોગ થઇ પડયો તે એક અઢાર વરસની ઉમરનો જવાન ઇસ્લામી હતો. સુરતમાં રામપુરા પાસે નુરીના મહોલ્લામાં રહેતો હતો અને ગરીબ હાલતનો હોવાથી પ્રથમ ભાડાની ગાડી ફેરવતો હતો. જાતનો પાનાગર (ચાંદી સોનાના વરખ બનાવવાનો ધંધો કરનાર) હતો. તેના બાપનું નામ બચ્ચુભાઇ હતું. તેને એક સગો ભાઇ અબ્દુલ ગની નામે છે જે તેનાથી મોટો છે અને જુદો રહેતો હોઇ મીરઝા સામીના ચકલામાં હોટલ ચલાવે છે. એ સિવાય તેને બીજા ચાર ઓરમાન ભાઇ છે જે સઉ તેના કરતાં મોટા છે અને બધા જુદા રહે છે. તેની માનું નામ મરીયમબીબી છે અને તે છુટક મજુરીનું કામ કરે છે. તેનો બાપ તેને નાની ઉમરનો મુકી ગુજરી ગયો હતો જેથી માએ મહેનન મજુરી કરી તેન મોટો કર્યો હતો. તે સઉ ભાઇઓમાં સઉથી નાનો હતો અને તેની માની સાથે રહેતો હતો. પહેલાં ભાડુતી ગાડી ફેરવતો હતો પણ બળદ મરી

જવાથી તે કામ પણ ચાલ્યું ગયું હતુ. પાછળથી તે ભાડુતી મોટર ઉપર ટીકીટ આપનાર તરીકે કોઇ મોટર કંપનીમાં સુરતમાં નોકર રહ્યો હતો અને ત્યાં તેને રોજ સવા રૂપીઓ મળતો હતો. ઘણો ફુરતીવાળો હોવાથી તે કામ તે ઘણું સારૂં કરતો હતો.

જે દીવસે આર્યસમાજીઓ હીંદુ મહાસભાના નામે શીવાજી જયંતીનો વરઘોડો કહાડવાના હતા તે દીવસે એટલે તા. ૩–૫–૧૯૨૭ના રોજ સવારે પોતાના ઘેરથી તે ન્હાઇ ધોઈ સાફ લુગડાં પહેરી નીકળ્યો હતો અને નીકળતી વખતે પોતાની માને કહી ગયો હતો કે "વખત મળે છે તો હું હમણા આવું છું, તું ખીચડી રાંધી મુકજે". આટલું કહી તે ઘેરથી નીકળી પોતાની નોકરી ઉપર ગયો હતો. આ વખતે તે ગરીબને શું ખબર હતી કે ખુદા તેને શહીદીનો મરતબો આપવા લઇ જાય છે! અને તેથીજ તે ન્હાઇ ધોઇ સાફ થઇ રહયો છે! પણ ખુદાની કુદરત ન્યારી છે! તે જેને ચાહે તેને બુલંદ બનાવી દે છે.

તે ભાડુતી મોટર ઉપર નોકર હતો એટલે તેની મોટર શહેરમાં પેસીંજરો ભાડે ફેરવતી હતી. જ્યારે આર્યસમાજીઓ સવારના વખતે સરઘસ લઇને બુરાનપુરી ભાગળ ઉપર મીનારાવાળી મસ્જીદ આગળ આવ્યા ત્યારે અનાયાસે તેની મોટર પણ ત્યાં આવી લાગી. અને સરઘસના માણસોની ભીડ હોવાથી ત્યાં થોભી. ડરાઇવરે મોટર થોભાવી એટલે તે નીચે ઉતર્યો અને સરઘસવાળાઓનું મકકમપણું જોવા લાગ્યો. ત્યાં બે ચાર ઉભેલા મુસલમાનો સરઘસના આગેવાનોને મસ્જીદ આગળ વાજાં બંધ રાખવા સમજાવી રહ્યા હતા તેમની સાથે તે પણ ભળ્યો. પણ આર્યસમાજી આગેવાનો જીદ ઉપર આવેલા હોવાથી તેમણે મુસલમાનોનું માન્યું નહીં. તેઓ વાજાં વગાડતા

મસ્જીદ તરફ આગળ વધવા લાગ્યા એટલે અબ્દુલ લતીફને એકદમ જોશ ચડી આવ્યો અને સરઘસના બે હજાર જેટલા માણસોને તે રોકવા ''અલ્લાહો અકબર'' ના નારા–પોકાર સાથે તૈયાર થઇ ગયો. સરઘસના આગેવાનોએ જાણ્યું કે એક દુબળો પાતળો પોરીઓ શું કરી શકવાનો હતો પણ તે પોરીઆએ તો તેમને રોકવા એવી હીંમત બતાવી કે સરઘસના સેંકડો માણસોની હીંમત તુટી ગઇ. સરઘસના કેટલાક લોકો સામા થયા પણ અબ્દુલ લતીફ મસ્જીદની હુરમત સાચવવા અને પોતાનો બચાવ કરવા એવો તો જોશમાં આવી ગયો હતો કે તેણે એકને પણ આગળ આવવા દીધો નહીં. મસ્જીદમાં તે વખતે કોઇનો જનાઝો આવેલો હતો તેથી લોકો તેની નમાઝમાં રોકાયા હતા અને માત્ર ચાર પાંચ જુવાનીઆજ સરઘસના બે હજાર જેટલા માણસોના મુકાબલામાં હતા. અબ્દુલ લતીફ આગળ હતો. આવા દુબળા પાતળાની કાઠી જોઇ તેને નહીં ગણકારતાં સરઘસવાળા કેટલાક લોકો વાજાં સાથે આગળ વધવા લાગ્યા અને બંને પક્ષ વચ્ચે મારામારી શરૂ થઇ. અબ્દુલ લતીફને ખુદાએ આ વખતે એવી હીંમત આપી કે તે જરાપણ પાછો હઠયો નહીં. એટલામાં સીટી માજીસ્ટ્રેટ મી. લાલાજીએ ગોળીબાર કરવાનો હુકમ આપ્યો. ગોળીઓ છુટી. સરઘસના માણસો ઘેટાં પેઠે નાસવા લાગ્યા પણ અબ્દુલ લતીફ મસ્જીદની હુરમત બચાવવા મસ્જીદની સામેજ હીંમતથી ઉભો રહયો. તેને બે ગોળીઓ વાગી એટલે તેનાથી ઉભું રહી શકાયું નહીં અને તે જમીન ઉપર પડી ગયો. મુસલમાનો એને મસ્જીદના બારણા આગળ લઇ ગયા. તેણે પાણી માગ્યું તો પાણી પાયું અને પછી તે મરવાની હાલતમાં મુસલમાનોને સંબોધીને કહેવા લાગ્યો કે હું તો ખુદાના નામ ઉપર મરું છું અને જાઉં છું પણ જો તમે

સાચા મુસલમાના હોવ તો મસ્જીદની આબરૂ હંમેશાં બરાબર સાચવજો અને હીંમત રાખજો. ખુદા તમને જરૂર મદદ કરશે, એવું કહી તે બેહોશ થઇ ગયો. બંને ઘામાંથી લોહી વહેતું હતું તેવી હાલતમાં તેને હૉસ્પીતાલમાં લઇ જવામાં આવ્યો અને ત્યાં બે કલાક પછી ગુજરી ગયો. બપોરે બે અઢી વાગ્યાના શુમારે તેની લાશ મુસલમાનોને સોંપવામાં આવી. આ વખતે આખા શહેરના મુસલમાનોમાં તેને માટે એટલી બધી લાગણી ઉભરી આવી હતી કે હજારો માણસો તેના જનાઝામાં શામીલ થવા ભેગા થઇ ગયા હતા. સાંજના ચાર વાગે તેનો જનાઝો અપૂર્વ શાંતી અને ગંભીરતાથી તેના ઘેરથી નીકળ્યો અને બુરાનપુરી ભાગલ, લીમડાચોક, લાલગેટ, કેળાપીઠ, ચોકબજાર વિગેરેનો રસ્તો પસાર થતાં તો લગભગ આઠ દસ હજાર માણસોનો જમાવ થઇ ગયો. ખ્વાજા દાના સાહેબની વિશાળ મસ્જીદમાં જનાઝાની નમાઝ ભારે જોશ અને જબરી શાનો શૌકતથી થઇ. શહેરના નવાબો, જાગીરદારો, અમીર ઉમરાવો, આલીમો, મશાયખો, મોટા મોટા શેઠીઆઓ પણ આ શહીદના આખરી જુલુસમાં ખરી લાગણીથી શામીલ થયા હતા કારણકે આખા શહેરમાં તે દીવસે હોહાકાર થઇ રહયો હતો. જનાઝામાં માણસોનો એટલો બધો જમાવ હતો કે લોકોને ખાંધો પણ મુશ્કેલીથી મળતો હતો. જનાઝો સાંજના ચાર વાગ્યાનો નીકળેલો સાંજના નવ વાગે હરી-પુરાના કબરસ્તાનમાં આવવા પામ્યો એટલી જબરી ઠઠ હતી. રાતના દસ વાગે દફન કરી એ શહીદને છેલ્લી સલામ કરી છેવટે લોકો પોત પોતાને ઘેર વિદાય થયા હતાં. શહીદની લાશમાંથી આખો વખત લોહી નીકળતુ હતું અને તેને કબરમાં સુવાડયો ત્યાં સુધી ચાલુંજ હતું. આલીમો કહેતા હતા કે આ શહાદતનો મરતબો મળ્યાની ચોખ્ખી

નિશાની છે. શહીદને હમેશાં એમજ હોય છે. એંસી એંસી વરસના ખરડા ડોસાઓ કહેતા હતા કે અમે મોટા મોટા લોકોના જનાઝામાં હાજર થયા છીએ પણ આટલા બધા માણસો કોઇના પણ જનાઝામાં અમે જોયા નથી. કહે છે કે જનાઝાની નમાઝમાં દસથી બાર હજાર માણસો હાજરહતા. અલ્લાહો અકબર ! શું મરતબો મળ્યો છે !

તેના ગુજરવાના ચાર પાંચ દીવસ પછી તેની રૂહને સવાબ પહોંચાડવા અને તેની ગરીબ માને દિલાસો આપવા આમ મુસલમાનોની એક જાહેર સભા સુરતમાં ભરાઇ હતી અને બધાએ સંપૂર્ણ દીલસોજી જાહેર કરી હતી. ઘણા લોકોએ તેની પાછળ મરજીદોમાં ખજુરો વહેંચી હતી અને તેની રૂહને સવાબ પહોંચાડયો હતો. તેની દુઃખીયારી માને જ્યારે લોકો દિલાસો આપવા ગયા ત્યારે તેના જીગરમાં કારી જખમ હતો તો પણ તેણે સબર અખત્યાર કરી જવાબ આપ્યો હતો કે "હું કમનસીબ રહી ગઇ અને એ ચાલ્યો ગયો ! ખુદાની જેવી મરજી ! પણ એ ખુદાને રસ્તે જીવ આપી શહીદ થયો છે. એટલે હું ખુદાની મરજી ઉપર રાજી છું, મારે દસ છોકરા હોય અને તે બધા ખુદાના નામે શહીદ થાય તો પણ હું ખુદાનો હુકમ માથે ઉઠાવવા તૈયાર છું. ખુદા મને સબર આપે અને મરહુમને જન્નત બક્ષે." આ વખતે લોકોની આંખોમાંથી આંસુઓની ધારાઓ છુટી હતી અને બધા રડવા લાગ્યા હતા. આફ્રીન છે તે શહીદને ! અને આફ્રીન છે. તેની આ જનેતાને ! મરવું તો એક દીવસે છેજ, પણ ગુમનામીના મોત કરતાં કીર્તિવાળું મોત તો કોઇ નસીબદારનેજ ખુદા આપે છે.

અબ્દુલ લતીફ મસ્જીદની હુરમત માટે શહીદ થયો છે અને એ વાત સહુએ નજરો નજર જોઇ છે એટલે એની શહાદત માટે જરા

પણ સવાલ રહેતોજ નથી. શહીદનો મરતબો એ વલીનો મરતબો છે. કારણ કે એણે ખુદાની રાહ ઉપર પોતાનો જીવ આપ્યો છે. અને જે ખુદાના રસ્તે શહીદ થાય છે તે હમેશાં ઝીંન્દાજ છે. વલી લોકો અને શહીદ લોકો હમેશાં જીવતા અને હયાત છે અને તેથીજ તેમનો મરતબો બુલંદ ગણાય છે. અબ્દુલ લતીફને પણ ખુદાની મહેરબાનીથી તેવોજ મરતબો મળ્યો છે. એક અઢાર વરસનો દુબળો પાતળો છોકરો બે હજાર માણસોનો મુકાબલો કરી તેમને આગળ વધવા ન દે અને બંદુકની ગોળીઓની પણ પરવા નહીં રાખતાં હીંમતથી એકલો ઉભો રહી મસ્જીદની હુરમત સાચવવા પોતાનો જાન લડાવી દે એ દીલશુરદો અને એ બહાદુરી કાંઇ જેવી તેવી નથી. તે સાચો શુરવીર હતો અને ઇસ્લામનો સાચો ફીદાઇ હતો. જે કામ આ જમાનામાં ઘણા જણ ભેગા થઇને પણ ન કરી શકે એ તેણે ગરીબે એકલાએ કરી બતાવ્યું છે. જીવ કરતાં દુનિયામાં કોઇ ચીજ વહાલી નથી પણ તેની પણ તેણે ઇસ્લામ માટે દરકાર રાખી નથી. આવા એક સાચા ફીદાઇ માટે મુસલમાન ભાઇઓ જેટલું કરે એટલું ઓછું છે; કારણ કે તેણે આર્યસમાજીઓની આંખો ઉઘાડી દીધી છે અને તેમની ખાત્રી કરી આપી છે કે ગુજરાત જેવા તદન નરમ દેશમાં પણ આવા જીવ આપનારા મુસલમાનો મોજુદ છે જે મસ્જીદની હુરમત સાચવવા માટે હાલે પણ મરી મટવા તૈયાર છે. તેણે પોતાનો જીવ આપીને પણ ઇસ્લામની ટેક સાચવી છે અને ગુજરાતના મુસલમાનોનું નામ દીપાવ્યું છે. આવા એક ખુદાના રસ્તામાં જીવ આપનાર શહીદની મુસલમાન ભાઇઓ જેટલી કદર કરે તેટલી ઓછી છે.

એક સનાતની જવાનને પણ પોતાની દુકાન બંધ કરવા જતાં

તે વખતે એક ગોળી વાગી હતી અને તે બે રાત જીવી મરણ પામ્યો હતો. પણ આથા રહેવા અને હીંમતથી મુકાબલો કરવામાં, તેમજ એક ગોળી અને બે ગોળીઓ ખાવામાં, અને તરતજ જીવ આપવામાં, અને બે રાત પછી મરવામાં ઘણો મોટો ફરક છે. એકને ન્હાસી છુટવાની જરૂર છે જ્યારે બીજાને જીવ આપવાની આતુરતા છે. આ બંનેની મોતમાં જમીન આસમાન જેટલો ફરક છે. એક દયાને લાયક છે જ્યારે બીજો તારીફને લાયક છે. જેનું મોત દયાપાત્ર હોય અને જેનું મોત વખાણને પાત્ર હોય તેમાં દેખીતો ફરક હોય છે. દયાને લઇ તે સનાતની હીંદુ જુવાનની સ્મશાનયાત્રામાં હજારો હીંદુભાઇઓ શામીલ થયા હોય તો તે બિના પણ પ્રસંશાપાત્ર છે. બંને જુવાનોનાં જીવ ગયા છે પણ બંનેના સંજોગો જુદાજ છે. અબ્દુલ લતીફ માટે જીવ આપવાનો પ્રસંગ ઉભો થયો હતો જ્યારે પેલા સનાતની હીંદુ જવાન માટે તેવું ન હોતું. ગમે તેમ પણ આથી બંને કોમોને નુકશાન થયું છે. જો આર્ય સમાજીઓએ જીદ કરી મસ્જીદ આગળથી વાજાં સાથે પસાર થવાની હઠ ન લીધી હોત તો આ બે ગરીબ જીવોનો ભોગ લેવાતા નહીં, અને સુરતની વસ્તી ફિસાદના નામે આખા દેશમાં બદનામ થાત નહી. સનાતની હીંદુભાઇઓ મુસલમાનોથી જરા પણ બગાડ કરવા ચાહતા નથી. તેઓ હળી મળીને રહેવા માગે છે પણ કેટલાક આર્યસમાજી ચળવળીઆ એવી વાતો લાવીને ઉભી કરે છે કે જેથી આખી સનાતન વસતીને નારાજીનો વખત આવે છે. આર્ય સમાજી અગેવાનોએ વગર કારણે આ પ્રસંગ ઉભો કરી બે જુવાન ભાઇઓના લેવાદેવા વગર જીવ લેવડાવ્યા છે અને હીંદુ મુસલમાનોમાં નકામો કુસંપ પેદા કરાવ્યો છે. આમાં આર્યસમાજીઓનુ કાંઇ ગયું નથી. જે કાંઇ નુકશાન થયું છે તે

સનાતની હીંદુઓ અને મુસલમાનોને થયું છે. જે શીવાજીએ સુરતને પોતાની હયાતીમાં ત્રણ વાર લુટયું હોય અને તેને આગ લગાડી તેની વસ્તીને "તોબા તોબા" પોકરાવી હોય તે શીવાજીની જયંતી સુરતની વસ્તી કરે તો પછી બીજાઓના જુલમ વિશે તેને એક અક્ષર પણ કહેવાનો હકજ રહેતો નથી. આથી તો એમજ મનાય કે સુરતના લોકો પોતાના ઉપર સખતી અને જુલમ કરનારનેજ પસંદ કરે છે અને તેથી તેમની ઉપર તેવી સખતી જારી રાખવામાંજ લાભ છે! હીંદુસ્તાનના લોકોનો જો આવોજ ખ્યાલ હોય તો પછી ડાયર અને ઓડવાયર પણ શીવાજીની માફક પોતાની જયંતીઓની અહીં આશા રાખી શકે! જો આ બંનેની જયંતીઓ હીંદુઓ કે મુસલમાનો તેમને પરધર્મી સમાજીને નહી કરે તો હીંદુસ્તાનમાં પોતાની હુકમતનો પાયો મજબુત કરનાર તરીકે ક્રિશ્ચયનો તેમની જયંતીઓ કરશે અને જેમ હીંદુઓ શીવાજી વિશે દલીલ લાવીને ઉભી કરે છે તેમ તેઓ પણ કરશે અને તે વખત હીંદુઓને એક અક્ષર પણ તેમની વિરૂધ્ધમાં બોલવાનો પ્રસંગ રહેશે નહીં. કારણકે જ્યારે હીંદુઓ એક "લુટનાર અને જુલમ કરનાર"ને પોતાના મહાન નેતા તરીકે માની તેની જયંતી કરે તો પછી બીજાઓ પણ પોતાના નેતા ગમે તેવા જુલમી હોય તેમની જયંતી કરે તો હીંદુઓથી તેમને શું કહી શકાય એમ છે! માટે આનો ઉંડો વિચાર કરવાનો છે.

આર્યસમાજીઓએ ઉપાડેલી શુધ્ધીની ચળવળથી આખા દેશમાં હીંદુ મુસલમાનોમાં કલેશ પેદા થઇ ગયો છે, રાત દીવસ બંને કોમોનાં માથાં ફુટી રહ્યા છે, બધે આગના ભડકા ફેલાઇ રહ્યા છે તો પણ આટલેથી સંતોષ નહીં માનતાં જે મહીનામાં સુરતમાં આ બનાવો બન્યો અને આ બે જુવાનોનો ભોગ લેવાયો તેજ મહીનામાં આર્ય-

સમાજના મુખ્ય નેતા ડાક્ટર મુંજે જે હાલ શ્રધ્ધાનંદજીની જગાએ ગોઠવાયા છે તે પોતાની એજ શુધ્ધીની ચળવળનો વેગ વધારવા ગુજરાતના પ્રવાસે દોડી આવ્યા. અને અમદાવાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર વિગેરે ઠેકાણે તેમણે ભાષણ કર્યાં અને મુસલમાનોથી અલગ થઇ કામ કરવા હીંદુઓને સમજાવવા જોરથી કોશીશ કરી. અને આ વાત એટલા ઉપરથી સાબિત થાય છે કે તેમના ભાષણોની જ્યાં જ્યાં જાહેરાતો નીકળતી તેમાં ચોખ્ખું છાપવામાં આવતું કે તેમાં મુસલમાનોને દાખલ કરવામાં આવશે નહીં. તેઓ સુરતમાં તાજા મામલાને લીધે બંને કોમોમાં બેદીલી ફેલાઇ રહી હતી તેવા પ્રસંગે સુરત આવી પહોંચ્યા. આ વાતની સુરતના કલેકટરને પહેલાંથી ખબર થઇ જવાથી તેમણે ડા૦ મુંજેને સુરતની હદમાં કોઇ પણ જાતનું ભાષણ નહીં કરવા કાયદેસર નોટીસ આપી પણ તેમણે તે નોટીસને હીસાબમાં નહીં ગણતાં કલેકટર (જીલ્લા માજીસ્ટ્રેટ)ને ચોખ્ખો જવાબ આપ્યો કે તમારે કરવું હોય તે કરો પણ હું તો ભાષણ કરીશ. અને તે પ્રમાણે તેમણે ભાષણ કર્યું. આથી સાફ જણાય છે કે આર્યસમાજીઓ કેટલી જીદ કરે છે. જ્યારે તેઓ સરકાર સાથે જીદ કરવા પાછા પડતા નથી તો પછી મુસલમાનો જેમની પાસે કોઇ પણ જાતની સત્તા નથી તેમની સાથે કેટલી જીદ કરતા હશે તેનો વિચાર કરવાનો છે. તેમને જીદ કરવાની આદત પડી ગઇ છે અને તેથીજ તેઓ દહાડે દહાડે વધારે જીદ પકડતા જાય છે. તેઓ સરકારને તદન ભોળી સમજી આવું કરતા હોય તો કાંઇ નવાઇ જેવું નથી. આર્યસમાજીઓ દીવસે દીવસે ઉધ્ધત બનતા જાય છે અને ગેરવ્યાજબી વર્તન ચલાવે છે તેથીજ "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ" પેપરે આર્યસમાજને દાબી દેવા સરકારને ભલામણ કરી છે. ગાંધીજીએ પણ આર્યસમાજીઓની

નીતીરીતી થોડા વખત ઉપર તદન વખોડી કહાડી હતી અને બીપીનચંદ્ર પાસે પણ હાલ તેમજ કર્યું છે. આથી સાફ જણાય છે કે આર્યસમાજીઓનું વર્તન તેઓ સઉને વાંધા પડતું લાગ્યું છે. આર્યસમાજીઓ ચારે તરફ ફરી હીંદુભાઇઓને એવુ સમજાવે છે કે મુસલમાનો ઘણા જુલમી છે અને હીંદુઓના જબરા દુશમન છે અને તે હીંદુઓને મટાડી દેવા માગે છે માટે તમે આર્યસમાજની સાથે થાઓ. આર્યસમાજ એક જોરદાર મંડળ છે જે તમને સાચવી શકશે અને તમારૂં રક્ષણ કરી શકશે, નહીં તો તમે બરબાદ થઇ જશો. આવું આવું સમજાવી તેઓ સનાતની હીંદુઓને પોતાની તરફ ખેંચવા અને તેમની પાસેથી કોમના બચાવના નામે પૈસા મેળવવા જોર દઇ રહયા છે. હીંદુ સભા, શુધ્ધી સભા, દલિત ઉધ્ધાર સભા જેવાં તમામ મંડળો ઉપર હાલ આર્યોનો કબજો છે અને તે સંસ્થાઓના નામે સનાતનીઓના પઇસાનો જબરો ફાળો તેમનાં હાથમાં આવી રહયો છે અને તે પઇસાથી તેઓ પગારદાર માણસો રાખી સનાતની હીંદુ ધર્મના ભોગે પોતાના મતનો ફેલાવ કરી રહયા છે. હાલ હીંદુ મહાસભાના સેવકો તરીકે જે લોકો કામ કરે છે તે ઘણે ભાગે પૈસા લઇનેજ કરે છે. આથી કેટલાક નવરા બેસી રહેલા આર્યસમાજીઓને રોજી મળે છે અને આર્યસમાજી મતનો ફેલાવો થાય છે.

આર્ય સમાજીઓ એમ તો સનાતની હીંદુઓની જોઇએ તેટલી નીંદા કરે છે અને તેમના ધર્મ પંથો અને તેમના ગુરૂઓની પેટ ભરીને વગોવણી કરે છે જેના ઉઘાડા પુરાવા તેમના "સત્યાર્થ પ્રકાશ" નામના પુસ્તકમાં જોઇએ તેટલા મોજુદ છે. તેમાં તેમણે બ્રાહ્મણો, ધર્મગુરૂઓ, સનાતનીઓ, વૈષ્ણવો, જૈનો, કબીર પંથીઓ,

શકતી પંથીઓ, શીવ માર્ગીઓ વિગેરેની જોઇએ તેટલી ઉઘાડી રીતે નીંદા કરી છે પણ પોતાની મતલબ હોય છે તો તેમના મ્હોડા ઉપર હાથ ફેરવવા પણ તૈયાર થઇ જાય છે. "હીંદુ" શબ્દને તો તેઓ બુરા અર્થવાળો ગણે છે અને તેથીજ "આર્ય" શબ્દનો તેઓ પોતાને માટે ઉપયોગ કરે છે પણ જ્યારે હીંદુઓની તેમને પઇસા માટે જરૂર પડે છે ત્યારે "હીંદુ" શબ્દની તારીફ પણ કરવા લાગી જાય છે !

જો સનાતની હીંદુઓને આર્યસમાજીઓ પોતાના ખરા ભાઇ સમજતા હોય તો પછી શા માટે તેમના ધર્મપંથોની અને તેમના ધર્મગુરૂઓની નીંદા તેઓ પોતાના 'સત્યાર્થ પ્રકાશ' પુસ્તકમાં જારી રાખે છે એ સમજાતુ નથી. જો સનાતનીઓની લાગણીજ છે તો પછી તેમની નીંદા પોતાના એ પુસ્તકમાંથી કહાડી નાખે અને પછી મ્હોડે સારૂં બોલે તો તેનું વજન પડે. પણ હાલ તો ખાલી શબ્દોજ શબ્દો છે. "સત્યાર્થ પ્રકાશ" સનાતની હીંદુભાઇઓની ઉઘાડી નીંદા અને હલકા તિરસ્કારથી ભરપુર છે એ બાબતની જો કોઇ સનાતની હીંદુભાઇને ખાત્રી કરવી હોય તો તે પુસ્તક જોઇ લે. આવા નિંદાખોર ટોળા સાથે સનાતની હીંદુભાઇઓએ જોડાતાં પહેલાં ઉંડો વિચાર કરવો જોઇએ. વખત આવે આ ટોળી ખસી જાય છે અને સનાતની હીંદુઓની હાલત કફોડી કરી મુકે છે. મી. બીપીનચંદ્ર પાલે હાલ આર્યસમાજ માટે એવોજ મત ઉઘાડી રીતે જણાવ્યો છે.

આજ સુધી મુસલમાનો અને હીંદુઓ એક બીજાને પોતાના ભાઇ ગણી સંપ સંપીને રહેતા હતા અને એક બીજાનો ઘણો ખ્યાલ રાખતા હતા, અને એકતા ઘણું સારી બંધાઇ હતી. પણ જ્યારથી

શ્રધ્ધાનંદજી જેલમાંથી કાંઇ છુપો મંત્ર લઇને આવ્યા અને બહ
આવીને ઇસ્લામના વિરોધી બની તેમણે "શુધ્ધી અને સંગઠન"
ચળવળની શરૂઆત કરી અને ઇસ્લામ અને મુસલમાનો ઉ
અણછાજતા હુમલા કરવા માંડયા ત્યારથી એ એકસંપની જડ ઉખ
ગઇ છે. શ્રધ્ધાનંદજી આર્યસમાજના એક મોટા આગેવાન હ
એટલે તેમની તાલીમથી તેમના લાગતા વળગતા બીજા આર્યસમાજીએ
પણ તેમનેજ પગલે ચાલી ઇસ્લામની જાહેર બદગોઇ કરી તે
મહાન પયગમ્બર સ૦ના પાક જીવન ઉપર પણ ગલીચ હુમલા કરવ
લાગ્યા. આ તેમના ભાષણો અને લખાણો એવાં તો ઇસ્લામીઓ
જીગર ચીરી નાખનારાં હતાં કે ઇસ્લામીઓના હૃદય ઉપર તે
જબરા જખમ લાગેલા છે. તેમની તેવી કડવી જીભોને લઇને
દેશની એક સંપીનું સત્યાનાશ વળ્યું છે અને સ્વરાજનો પાયે
ડામાડોલ થઇ ગયો છે, તેમજ ગાયોનાં ગળાં ઉપર વધારે છરીએ
ચાલવા લાગી છે. હીંદુ મુસલિમ એકતાના જમાનામાં વધારે ગાયે
કપાતી નહોતી કારણ કે મુસલમાનો હીંદુભાઇઓની ખાતર અગવ
વેઠીને પણ પોતાની કુરબાનીનું કામ બીજાં જનાવરોથી ચલાવી લેત
હતા અને હીંદુભાઇઓને ગમે તે રીતે રાજી રાખતા હતા. પણ
જયારથી શ્રધ્ધાનંદજીની તાલીમથી આર્યસમાજીઓએ ઇસ્લામ અ
તેના મહાન પયગમ્બર સ૦ ઉપર છડે ચૉક નીચ હુમલા કરવ
માંડયા ત્યારથી મુસલમાનોના મનમાંથી હીંદુઓ માટેની લાગણી ઓછી
થવા માંડી છે કારણ કે આર્યસમાજીઓએ હીંદુ મહાસભાના નામેજ
આ કામ કરવા માંડયું છે. આ પ્રસંગે તેમને "આર્ય" શબ્
કરતાં "હીંદુ" શબ્દ પોતાને માટે વધારે ઉપયોગી અને ફાયદાકાર
જણાયો છે. કારણ કે તેથી તેઓ બીજા સનાતની હીંદુઓને પણ પોતાન

મતલબ માટે પોતાની સાથે શામીલ કરવામાં ફતેહમંદ થઇ શકે છે. તેમની સાથે કેટલાક હીંદુઓ પણ વગર સમજે મળી ગયા અને મુસલમાનોને ખાત્રી કરી આપી કે બીજા હીંદુઓ પણ આર્યસમાજી જેવાજ ઇસ્લામના વિરોધી છે જો કે સનાતની હીંદુઓ આર્ય સમાજીઓ સાથે હોઇ શકેજ નહીં. કારણ કે આર્યસમાજીઓએ સનાતની હીંદુઓના ધર્મ-પંથોની વગોણી કરવામા કાંઇ પણ બાકી રાખ્યું નથી. પણ જ્યાં આર્યસમાજીઓ હીંદુ સભાના નામે મીટીંગો ભરી ઇસ્લામ વિરૂધ્ધ કડવાં ભાષણો કરે તો મુસલમાનોનો સામાન્ય વર્ગ તો એમજ સમજે કે આ સઉ હીંદુઓ કરે છે. પણ ખરૂં જોતાં એ કામ સનાતની હીંદુઓનું નહીં, પણ સનાતનીઓના પાકા વિરોધી આર્યસમાજીઓનું છે જે વખત જોઇને પોતાની મતલબ પાર પાડવા પોતાને હીંદુઓમાં શામીલ કરી નાખે છે. આથી હીંદુ કોમને દેખીતું નુકસાન ખમવાનો વખત આવે છે કારણ કે આર્ય સમાજીઓ જુજ જાજ છે અને સનાતની હીંદુઓની વસ્તી ઘણી મોટી છે વખત આવે આર્ય સમાજીઓ આગ લગાડી ખસી જાય છે અને તેનું પરિણામ હીંદુ મુસલમાનો બંનેને ભોગવવું પડે છે. ફિસાદ આર્ય સમાજીઓ જગાડે છે અને બદનામ સનાતની હીંદુઓ થાય છે કારણ કે બધાજ એક લિબાસ પહેરે છે. એટલે કોણ આર્યસમાજી અને કોણ હીંદુ એ સમજી શકાતું નથી. ઢેડાઓને સનાતની હીંદુઓ સાથે સેળભેળ કરવા ચળવળ આર્યસમાજીઓએ ઉપાડી, મંદીરોમાં ઢેડાઓને દાખલ કરવા અને હીંદુઓના કુવા પર ઢેડાઓને છુટથી પાણી ભરવા દેવા ઉપર તેમણે જોર દીધું, હીંદુ સમાજમાં વર્ણાન્તર લગ્નો તેમણે કરાવવા માંડયાં, ઢેડાઓ સાથે

પંગતમાં બેસી તેમણે જમવાની શરૂઆત કરાવી, વિધવાઓને ભળતા માણસો સાથે પરણવાની તેમણે જોગવાઇઓ કરી આપી. આ બધી વાતોથી દરસલમને તો કાંઇ નથી પણ જુના હીંદુ ધર્મને અને સમાજને જબરો ફટકો લાગ્યો છે એમ સનાતની હીંદુઓ માની રહ્યા છે. આનુ પરિણામ મી૦ બેપીનચંદ્ર પાલના કહેવા પ્રમાણે એજ આવવાનું છે કે આર્યસમાજીઓ હાલ મુસલમાનોની સાથે લડે છે તેમ સનાતની હીંદુઓ સાથે પણ જરૂર લડશે. કારણ કે સનાતની હીંદુઓ પોતાના ધાર્મિક રિવાજ વિરૂધ્ધ તેમને કાંઇ પણ કરવા દેશે નહી જેથી આર્યસમાજીઓ ચીડાશે અને સનાતનીઓ સાથે લડાઇ જગાડશે, અને એવી જબરી ધાંધલ કરશે કે સનાતની હીંદુ ધર્મનો પાયો હચમચાવી નાખશે. મુસલમાનો તો હજુ પણ હીંદુઓનો ખ્યાલ રાખે છે પણ આર્યસમાજને તો હીંદુઓ અને તેમના જુના હીંદુ ધર્મ પંથોનો કેટલો ખ્યાલ છે તેના દાખલા ' સત્યાર્થ પ્રકાશ '' પુસ્તકમાં મોજુદ છે

મસ્જીદ આગળ વાજાં વગાડવાનો સવાલ પણ આ આર્ય-સમાજીઓ એજ ઉઠાવ્યો જેથી હીંદુ મુસલમાનોમાં રમખાણ જાગ્યાં, પણ સનાતની હીંદુ ભાઇઓએ સમજવું જોઇએ કે આ સઘ આર્ય સમાજીઓ સનાતનીઓને નુકસાન પહોંચાડવાના હેતુથીજ કરી રહ્યા છે. તેઓ સનાતનીઓમાંથી આભડછેટ નાબુદ કરવા માગે છે કે જેથી સનાતનીઓ છુટથી ઢેડાઓને અડતા થાય. પહેલું પગલું આને માટે આર્યસમાજીઓ એ લેવા માગે છે. કે હાલ સનાતની હીંદુઓ પોતાના જમણવાર વખતે મુસલમાનોને ગમે ત્યારે સાર્વ[illegible] રસ્તામાં જતાં રોકે છે તો તેઓ હીંદુઓના કહેવાથી એકદમ રોકા[illegible] છે અને જમણવાર થતો હોય તે રસ્તેથી નહીં જતાં તેમની ખાતર

બીજે રસ્તે વગર બોલે ચુપચાપ ચાલ્યા જાય છે અને તેમને જમવા વિગેરેની સારી રીતે સવડ સાચવે છે; નહીં તો તેઓ એ તો સમજે છે કે હીંદુઓને મુસલમાનો ઉપર એ વિશે દબાણ કરવાનો કાંઇ હક નથી. પણ મુસલમાનો હીંદુ ભાઇઓની આભડછેટની રૂઢી સમજે છે જેથી તેમને રાજી રાખવા તેમની તે રૂઢીને માન આપે છે. પણ જ્યારે હીંદુઓ આર્યસમાજીઓની શીખવણીથી મસજીદ આગળ જાહેર રસ્તાનો સવાલ લાવી વાજાં વગાડતાં પસાર થવા મક્કમ થાય અને એથી બનેમાં લડાઇ જાગે તો મુસલમાનો પણ તેમના જમણવારમાં પેસવાનું શરૂ કરે અને એવું થાય તો સનાતનીઓના આભડછેટની રૂઢીમાં ભંગાણ પડે એટલુંજ નહીં, પણ તેઓ મુસલમાનોથી નારાજ થઇ આર્યસમાજીઓ સાથે જોડાય અને આર્યસમાજીઓનો ધારેલો હેતુ પાર પડે. આમાં નુકસાન કોને છે તેનો સનાતની ભાઇઓએ ખ્યાલ કરવાનો છે મસજીદ આગળ આર્યસમાજીઓની શીખવણીથી વાજાં વગાડવામાં તેમને ઉપર પ્રમાણે એવડું નુકસાન આર્યસમાજીઓ પહોંચાડવા માગતા હોય તો કાંઇ નવાઇ જેવું નથી. આ સઉ બાબતનો સનાતની હીંદુ ભાઇઓએ ઉંડો વિચાર કરવાનો છે. મુસલમાનો સનાતની હીંદુભાઇઓનો આજ સુધી ઉપર પ્રમાણે ખ્યાલ રાખતા આવ્યા છે તો હીંદુભાઇઓએ પણ મસજીદ આગળ વાજાં નહીં વગાડવાનો ખ્યાલ રાખવો જોઇએ અને એકસંપી જાળવી રાખવી જોઇએ. આવું થશે અને હીંદુ મુસલમાનો ઉપર પ્રમાણે એક બીજાનો ખ્યાલ રાખશે તોજ દેશની આબાદી રહેશે અને સુખ શાંતીમાં દીવસો નીકળશે. નહીં તો જો આર્યસમાજીઓની સુચના પ્રમાણે બંને લડશે તો ત્રીજો ફાયદો ઉઠાવી જશે. હીંદુ મુસલમાનોને લડાવી મારવામાં આર્યસમાજીઓનો શું હેતુ

હશે તે તેઓ જાણે પણ આથી સનાતની હીંદુઓને તો દેખીતું નુકસાન છે. મુસલમાન ભાઇઓએ પણ આનો ઉંડો વિચાર કરવાનો છે. સનાતની હીંદુભાઇઓ સાથે તેમણે પ્રેમજ રાખવાનો છે કારણ કે તેઓ મુસલમાનો સાથે લડવા માગતા નથી એવું તેમની રીતભાતથી જણાઇ આવે છે. થોડા ઘણા આર્યસમાજીઓને માટે તમામ સનાતન હીંદુ વસ્તીને બદનામ કરવા જેવું કાંઇ કારણ નથી. જ્યારે સનાતનની હીંદુ ભાઇઓ મુસલમાનો સાથે લડવા જાહેર રીતે તૈયાર થાય તો તેવા પ્રસંગે એક જુદી વાત છે. પણ જ્યાં સુધી તેઓ મુસલમાનો સાથે એકસંપી રાખવા રાજી છે તો પછી મુસલમાનોએ પણ તેમની સાથે એકસપી રાખવા આનાકાની કરવાની નથી. મુસલમાનોએ ઉશ્કેરાવાની જરૂર નથી પણ ઘણી શાંતીથી કામ લેવાનું છે. સુરતમાં એક સનાતની હીંદુ અને એક મુસલમાન એવા બે જુવાનોનો ભોગ અપાયો છે અને ડાકટર મુંજેએ અહીં આવી બળતામાં વધુ ઘી હોમ્યું છે. એ બાબત સરકારના ધ્યાનમાં છેજ અને સરકાર તેનો ઘટતો બંદોબસ્ત કરશેજ. હાલ બંને કોમે ધીરજ અખત્યાર કરી પોતપોતાનું સાચવીને ચાલવાનું છે. કોઇ પણ પ્રકારનુ ધાંધલ ન થાય તેમાંજ લાભ છે. ડાકટર મુંજેએ સરકારી હુકમનો અનાદર કર્યો છે તેથી સરકારે જોઇ લીધું હશે કે કોણ જીદ કરે છે અને કોણ શાંતીથી ચાલે છે. આર્યસમાજી નેતાઓ ગમે તે કરે પણ સનાતની હીંદુ ભાઇઓ અને મુસલમાન ભાઇઓની હાલ તો એજ ફરજ છે કે બંનેએ હળીમળીને ચાલવું અને નવો ફિસાદ ઉભો થવા ન દેવો. આવું થશે તોજ રાહત મળશે અને આબાદી થશે.

તા. ૧૫–૬–૧૯૨૭

મુ. સુરત.